# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

SGCCI


Ref no. PN 2025-26/062 Dt. 23/07/2025

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ચેમ્બરના જીએફઆરઆરસી દ્વારા ટેક્ષ્ટાઇલ વીકના બીજા દિવસે એમએમએફ એક્ષ્પોર્ટના ભવિષ્ય વિષે સેમિનાર યોજાયો

## મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ્સ અથવા મેન્ટર કંપનીને આગળ લઇ જશે, ઉદ્યોગકારોનો પર્પઝ માત્ર ગ્રાહકોને શું આપવાનું છે તે હોવો જોઇએ, એના થકી રૂપિયા આપોઆપ કમાવી શકાય છે : બિન્દલ એક્ષ્પોર્ટ્સ લિમિટેડના ચેરમેન શ્રી રવિન્દ્ર આર્ય

## કોટનનું ઉત્પાદન વર્ષોથી સ્થિર છે, જ્યારે એમએમએફ અને ખાસ કરીને પોલિએસ્ટર વધુ ગ્રો કરી રહયું છે : રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડના વાઇસ પ્રેસિડેન્ટ શ્રી અસિમ પાન

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ગ્લોબલ ફેબ્રિક રિસોર્સ એન્ડ રિસર્ચ સેન્ટરના ઉપક્રમે સુરતના ટેક્ષ્ટાઇલ ઉદ્યોગકારોને માર્ગદર્શન આપવાના હેતુથી તા. ૨૧થી ૨૬ જુલાઇ ૨૦૨૫ દરમ્યાન સાંજે ૫:૩૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે ટેક્ષ્ટાઇલ વીકનું આયોજન કરવામાં આવ્યું છે. જેના અંતર્ગત મંગળવાર, તા. ૨૨ જુલાઇના રોજ એમએમએફ એક્ષ્પોર્ટના ભવિષ્ય પર સેમિનાર યોજાયો હતો, જેમાં બિન્દલ એક્ષ્પોર્ટ્સ લિમિટેડના ચેરમેન શ્રી રવિન્દ્ર આર્યએ મહેમાન તરીકે સ્થાન શોભાવી ઉદ્યોગ સાહસિકોને સંબોધ્યા હતા. રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડના વાઇસ પ્રેસિડેન્ટ શ્રી અસિમ પાને ગ્લોબલ પોલિએસ્ટર માર્કેટ આઉટલુક – ડિમાન્ડ ડ્રિવર્સ એન્ડ ડિસરપ્ટર્સ વિષે વિસ્તૃત જાણકારી આપી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ ઉદ્યોગ સાહસિકોને સંબોધતા જણાવ્યું હતું કે, મેન મેઇડ ફાયબર એક્ષ્પોર્ટ કરવા માટે સુરતના ઉદ્યોગ સાહસિકો માટે આંતરરાષ્ટ્રીય બજારમાં અદભૂત તકો ઉપલબ્ધ છે.

સરકારના સહયોગથી આ ઉદ્યોગ હવે માત્ર પરંપરાગત માર્કેટ સુધી સીમિત નથી રહ્યો, પરંતુ નવી ટેકનોલોજી, ગુણવત્તા અને ઇનોવેશન અંતર્ગત વૈશ્વિક બજાર સાથે જોડાઈ રહ્યો છે. આવનારા દિવસોમાં સુરત ગારમેન્ટીગ હબ પણ બનવા જઇ રહયું છે ત્યારે સુરતના ટેક્ષ્ટાઇલ ઉદ્યોગ સાહસિકોએ એક્ષ્પોર્ટ માટેની તકોનો લાભ લેવો જોઇએ. ચેમ્બર ઉદ્યોગ સાહસિકો માટે માર્ગદર્શન, નેટવર્કિંગ અને એક્ષ્પોર્ટના નવા માર્ગો શોધવા માટે સતત પ્રયત્નશીલ છે.

બિન્દલ એક્ષ્પોર્ટ્સ લિમિટેડના ચેરમેન શ્રી રવિન્દ્ર આર્યએ જણાવ્યું હતું કે, એક્ષ્પોર્ટ કરવા માટે સસ્ટેનેબિલિટી જરૂરી છે. સસ્ટેનેબિલિટીની મેથડને ઉદ્યોગ સાહસિકોએ ફોલો કરવી પડશે. સુરતમાં ગારમેન્ટ મેન્યુફેકચરીંગ માટે ખૂબ જ મોટી તકો છે. ઉદ્યોગ સાહસિક બનવું એ જવાબદારીનું કામ છે. એમાં કર્મચારીઓ, ગ્રાહકો અને સરકાર પ્રત્યે જવાબદારી વધી જાય છે, આથી માઇન્ડ સેટ સાથે બિઝનેસમાં આગળ વધવું પડશે. એના માટે ઉદ્યોગ સાહસિકોએ મેનેજમેન્ટ શીખવું પડશે અને સમજવું પડશે.

ટેક્ષ્ટાઇલ અથવા કોઇ પણ ઉદ્યોગમાં રૂપિયા બેથી ત્રણ કરોડનું રોકાણ કરનાર ઉદ્યોગકારોએ ઓફિસના મેનેજમેન્ટ માટે સીઇઓ રાખવો જોઇએ. ઉદ્યોગકારો બધું કામ જો પોતે કરવા જશે તો તેઓ બિઝનેસમાં આગળ વધી શકશે નહી. એના માટે મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ્સ હાયર કરવા પડશે. મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ્સ અથવા મેન્ટર કંપનીને આગળ લઇ જશે. ઉદ્યોગકારોનો પર્પઝ માત્ર ગ્રાહકોને શું આપવાનું છે તે હોવો જોઇએ. એના થકી રૂપિયા આપોઆપ કમાવી શકાય છે. આ ઉપરાંત, ઉદ્યોગ સાહસિકોએ પોતાની સ્ટ્રેન્થ, વીકનેસ અને ઓપોર્ચ્યુનિટી પર ઘ્યાન આપવું પડશે. સાથે જ બિઝનેસમાં સિસ્ટમ બેઇઝ, ડેટા બેઇઝ અને કલ્ચર બેઇઝ થવું પડશે.

રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડના વાઇસ પ્રેસિડેન્ટ શ્રી અસિમ પાને જણાવ્યું હતું કે, વિશ્વભરમાં ટેક્ષ્ટાઇલ ઉદ્યોગમાં ફાયબરની માંગ ઝડપી ગતિએ વધી રહી છે, જેમાં મેન મેઇડ ફાયબરનો ભાગ સૌથી વધુ છે. વર્ષ ૨૦૧૯માં વૈશ્વિક ફાયબર ઉત્પાદન અંદાજે ૧૦૪ મિલિયન ટન હતું, જેમાં કોટન ૨૬ મિલિયન ટન, મેન મેઇડ ફાયબર ૭૮ મિલિયન ટન, પોલિએસ્ટર ૫૮ મિલિયન ટન તથા અન્ય (વિસ્કોસ, નાયલોન, પીપી) ૨૦ મિલિયન ટન હતું. વર્ષ ૨૦૩૦ સુધીમાં વૈશ્વિક ફાયબર ઉત્પાદન અંદાજે ૧૩૫ મિલિયન ટન રહેવાની સંભાવના છે, જેમાં કોટન ૨૮ મિલિયન ટન, મેન મેઇડ ફાયબર ૧૦૬ મિલિયન ટન, પોલિએસ્ટર ૮૧ મિલિયન ટન તથા અન્ય (વિસ્કોસ, નાયલોન, પીપી) ૨૫ મિલિયન ટન રહેવાનો અંદાજ છે. ઇન્ટરનેશનલ ડિમાન્ડની વાત કરીએ તો વૈશ્વિક ફાયબરની માંગ ૩૦ ટકા વધવાની સંભાવના છે, જેમાં કોટનનો હિસ્સો ૨ ટકા, મેન મેઇડ ફાયબરનો હિસ્સો ૨૮ ટકા, પોલિએસ્ટરનો હિસ્સો ૨૩ ટકા અને અન્ય (વિસ્કોસ, નાયલોન, પીપી)નો હિસ્સો ૫ ટકા રહેશે.

કોટનનું ઉત્પાદન છેલ્લા કેટલાક વર્ષોથી સ્થિર છે, જ્યારે મેન મેઇડ ફાયબર અને ખાસ કરીને પોલિએસ્ટર વધુ સસ્તું, ટકાઉ અને વ્યાપારી રીતે વધુ લાભદાયી હોવાથી વિશ્વભરના ટેક્ષ્ટાઇલ ઉદ્યોગો તેનો વધુ ઉપયોગ કરી રહ્યા છે. વર્ષ ૨૦૧૯થી ૨૦૩૦ વચ્ચેના આંકડાઓ દર્શાવે છે કે સૌથી ઝડપથી વૃદ્ધિ પોલિએસ્ટર ક્ષેત્રે થઈ રહી છે. હાલમાં દર વ્યક્તિની સરેરાશ ટેક્ષ્ટાઇલ વપરાશ ૧૪.૩ કિલોગ્રામ છે, જે વર્ષ ૨૦૩૦ સુધીમાં વધીને આશરે ૧૬.૪ કિલોગ્રામ થવાની શકયતા છે. પોલિએસ્ટરમાં મુખ્યત્વે બે પ્રકાર હોય છે – સ્ટેપલ ફાયબર અને ફિલામેન્ટ. સુરતના ટેક્ષ્ટાઇલ ઉદ્યોગમાં મોટાભાગનું ઉત્પાદન ફિલામેન્ટ આધારિત છે. ખાસ વાત એ છે કે દુનિયાના અન્ય દેશોની તુલનામાં પોલિએસ્ટર ઉદ્યોગમાં સૌથી ઝડપથી વૃદ્ધિ ભારતમાં થઈ રહી છે.

ચેમ્બરના ગૃપ ચેરમેન શ્રી ગિરધર ગોપાલ મુંદડાએ કાર્યક્રમની રૂપરેખા આપતા જણાવ્યું હતું કે, સુરતના ઉદ્યોગ સાહસિકોએ હવે પરંપરાગત ઉદ્યોગને છોડીને વૈશ્વિક સ્પર્ધામાં પોતાની સ્થિરતા માટે નવી દિશામાં વિચારવું જરૂરી બન્યું છે. ઉદ્યોગ સાહસિકોને દિશા નિર્દેશ કરી તેઓને એક્ષ્પોર્ટ માટે જરૂરી માર્ગદર્શન પૂરું પાડવા માટે ચેમ્બર ઓફ કોમર્સનું જીએફઆરઆરસી પ્રતિબદ્ધ છે.

ચેમ્બરના તત્કાલિન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલા, પૂર્વ પ્રમુખ શ્રી મહેન્દ્ર કાજીવાલા તથા ઉદ્યોગ સાહસિકો સેમિનારમાં ઉપસ્થિત રહયા હતા. ચેમ્બરના જીએફઆરઆરસીના કો–ચેરમેન શ્રી ઉમેશ ક્રિષ્ણાનીએ સેમિનારનું સંચાલન કરી સર્વેનો આભાર માન્યો હતો. કાર્યક્રમમાં ઉપસ્થિત મહેમાન તેમજ વકતાશ્રીએ ઉદ્યોગ સાહસિકોના વિવિધ સવાલોના સંતોષકારક જવાબો આપ્યા હતા અને ત્યારબાદ સેમિનારનું સમાપન થયું હતું.